**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૬ ટકા

# ગાંધીનગરમાં ઉનાળો જામી રહ્યો છે

## ગરમી વધતા બરફગોળા, શેરડીનો રસ અને ઠંડા પીણાનો ઉપાડ વધ્યો : તડકો આકરો બનતા બપોરે બજારો સુના રહે છે





ગાંધીનગર, તા. ૨
માવઠાની અસર ઓસર્યા બાદ ધીમે ધીમે ઉનાળો જામી રહ્યો છે. એસી અને કુલર ફૂલસ્પીડે ચાલુ થઈ ચૂક્યા છે. ગરમીથી ઠંડક આપતા પીણા, આઈસક્રીમ અને શેરડીના રસનો ઉપાડ વધ્યો છે. બરફગોળાની લારીઓ પર ભીડ જામી રહી છે. આ વર્ષે માર્ચ મહિનામાં માવઠાની અસર ખૂબ રહી જેના કારણે વાતાવરણમાં ઘણી ઠંડક છવાયેલી રહી. ઠંડકના કારણે તાપમાન ઘણુ નીચુ રહ્યુ. જો કે માવઠાની અસર ઓછી થયા બાદ ધીમે ધીમે ગરમી વધી રહી છે. છેલ્લા બે-ત્રણ દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધી રહ્યુ છે. તાપમાન વધતા ઉનાળો જામી રહ્યો છે. ગરમી વધતા હવે બપોરના સમયે એસી અને કુલર ફૂલ સ્પીડે ચલાવવા પડી રહ્યા છે. ઉનાળાની અસરના કારણે ઠંડા પીણાની માંગ વધી રહી છે. આઈસક્રીમનો ઉપાડ પણ વધ્યો છે. બરફગોળાની લારીઓ પર ભીડ જામવા માંડી છે. મોડીરાત સુધી લારીઓ પર ભીડ જોવા મળે છે. ગાંધીનગર અન્ય ઋતુઓમાં ભલે સુનુ લાગતુ હોય પરંતુ ઉનાળામાં મોડી રાત સુધી વસાહતીઓની અવરજવર ચાલુ રહે છે. રાત્રે મોડે સુધી શેરડીના રસના કોલા ચાલુ રહે છે. વસાહતીઓ શેરડીનો મીઠો અને ઠંડો રસ ગટગટાવી ગરમીથી છૂટકારો મેળવવા પ્રયાસ કરે છે. હજુ જેમ જેમ ઉનાળો જામશે તેમ તેમ શહેરની રોશન વધશે. આગાહી મુજબ આગામી એકાદ અઠવાડિયામાં જ ગરમીનો પારો એકાએક વધી શકે છે. તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે.

**જન્મદિને વધામણી**


**જિગર બી પ્રજાપતિ**
આસી. એન્જિનીયર, સચિવાલય
મો. ૯૮૨૫૮ ૫૧૦૧૧


**ભૂમિ દેવેન્દ્રકુમાર પરમાર**
મો. ૯૧૨૩૨ ૧૯૨૩૧


**વ્યાસ વનશ્રી નીલકંઠ શાસ્ત્રી**


**મહેન્દ્ર ચૌહાણ**

### કાર્ડિયાક અરેસ્ટની પરિસ્થિતિમાં દર્દીને બચાવવા માટે

# શહેર ભાજપના કાર્યકર્તાઓને તબીબો મારફત COLSની ટ્રેનિંગ અપાઈ

## GMERS મેડીકલ કોલેજ, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો COLS પ્રશિક્ષણ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨
ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ મેડીકલ કોલેજ, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપના કાર્યકર્તાઓને તબીબો દ્વારા કાર્ડિયાક અરેસ્ટની પરિસ્થિતિમાં દર્દીને બચાવવાના પ્રયાસના ભાગરૂપે COLS (કમપ્રેશન ઓનલી લાઈફ સપોર્ટ)ની ટ્રેનિંગ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં તબીબોએ ડેમો આપીને કાર્યકર્તાઓને ઈમરજન્સીમાં દર્દીના હૃદયને ધબકતું કરવા માટે COLSની યોગ્ય પદ્ધતિ અંગે જાણકારી આપી હતી અને ઉપસ્થિત સૌએ ડમી ઓબ્જેક્ટને COLS આપીને પ્રશિક્ષણ મેળવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ખુબ જ મહત્વનો છે કેમકે યોગ્ય સમયે યોગ્ય પદ્ધતિ સાથે કાર્ડિયાક અરેસ્ટની પરિસ્થિતમાં દર્દીને COLS મળે તો તેનું જીવન બચાવી શકાય છે. રૂપાલાએ ભાજપના કાર્યકર્તાઓને જ્યારે પણ તેમની આસપાસ કોઈ દર્દીને તકલીફ જણાય ત્યારે તબીબોના પ્રશિક્ષણ મુજબ મેડીકલ ટીમ પહોંચે ત્યાં સુધી પદ્ધતિસરના COLS મારફત તેના જીવન બચાવનો પ્રયાસ કરવા આહ્વાન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર ફક્ત રાજકીય જ નહી, સામાજીક જવાબદારી નિભાવવા માટે પણ ઓળખાય છે. આ કાર્યક્રમમાં ૧૦૮ માં જવાબદારી નિભાવતા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રભારી મોહનભાઈ પટેલ, પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રીઓ, અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. આજના આ કાર્યક્રમમાં આયોજનમાં મહાનગર ભાજપ ડોકટર સેલના ડો. હસમુખભાઈ પટેલ, ડો. મિહિરભાઈ પટેલે સક્રિય ભૂમિકા ભજવી હતી.



રાજ્યના ૧૦૯ આઈ એ એસ અધિકારીઓની બદલીનો ઓર્ડર થયો છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર સંદીપ સાગળેની ઈન્ડસ્ટ્રીઝ કમિશનર તરીકે, ડેપ્યુટી કમિશનર સી.એમ.ત્રિવેદીને અમદાવાદ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનર તરીકે અને ડેપ્યુટી કમિશનર જી.એચ.સોલંકીને સ્ટેટ ટેક્સમાં એડિશનલ કમિશનર તરીકે નિમણુંક થઈ છે. ત્યારે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા એ ત્રણેય અધિકારીઓને નવી જવાબદારી બદલ અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી તેમજ ગાંધીનગર મહાનગરપાલિકામાં આપેલ સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.


સેક્ટર ૨ બી ખાતે માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં સૌ કોઈએ માતાજી ના ગુણગાન ગાયા હતા.

## હનુમાન જયંતિએ સુંદરકાંડના પાઠ

પવિત્ર ચૈત્ર દરમિયાન પવિત્ર શ્રી રામકથા જ્ઞાનયજ્ઞનું આયોજન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મંદિર, વિશ્વકર્મા શોપિંગ સેન્ટરની સામે,. સેક્ટર-૨૧ ખાતે આયોજીત આ કથાના વિરામ દિવસ( શ્રી હનુમાન જયંતી ) તા. ૬-૪-૨૦૨૩ ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે સુંદરકાંડના સંગીતમય પાઠ કાંતિભાઈ યોગીની વ્યાસપીઠે યોજાશે. ભાવિક ભક્તો-નગરજનોને ધર્મલાભ લેવા માટે કથા સમિતિએ જાહેર આમંત્રણ પાઠવેલ છે.

## આજે આનંદનો ગરબો

મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/બી દ્વારા શારદાબેન પ્રજાપતિ પ્લોટ નં.૨૭૮/૧ ગાંધીનગર ખાતે આનંદનો ગરબો રાખેલ છે તો સર્વે ભાવિક ભક્તોને આ ગરબામાં પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● **મુક્તિધામ** ●

- **સ્વ.ઠાકોર હિંમતજી માધાજી** ઉ.વ.૬૦, જેઠીપુરા
- **સ્વ.સલાટ પ્રેમજીભાઈ પ્રાગજીભાઈ** ઉ.વ.૭૧, ધોળાકુવા

# રાંધેજા ગામની સમસ્યાઓ થોડી છે પણ પરેશાની સર્જે છે વધારે

## રાંધેજા ગામમાં પાણી, જાહેર સ્વચ્છતાથી માંડીને કેટલાંક આંતરિક માર્ગોના નવીનીકરણની જરૂરિયાત : ગાંધીનગર-માણસા મુખ્ય માર્ગને ઝડપથી ફોરલેન કરી ઘુંઘટ હોટેલ નજીકના રેલ્વે ફાટકે ઓવરબ્રિજની માંગ

ગાંધીનગર, તા. ૨
ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવાયું ત્યારે સાત ગામના ગ્રામ્ય વિસ્તારને આંશિક કે સંપૂર્ણપણે શહેરમાં આવરી લેવામાં આવ્યાં હતા. આ પછી મહાનગરપાલિકાની છેલ્લી ચુંટણી પહેલાં પહેલાં પાટનગરના કરાયેલાં વિસ્તરણમાં વધુ ૧૮ ગામોના ગ્રામ્ય વિસ્તારોને શહેરમાં આવરી લેવાયાં છે જેમાં કેટલાંક મૂળ પાટનગર શહેરી વિસ્તારથી દૂરના અંતરે પણ છે. આ વિસ્તારોમાં ગાંધીનગરથી માણસા તરફના માર્ગે સ્થિત રાંધેજા ગામને પણ સંપૂર્ણપણે આવરી લેવાયું છે. ભૌગોલિક રીતે વિશાળતા અને વસ્તીની રીતે વૈવિધ્ય ધરાવતાં રાંધેજા ગામનો વિકાસ તો ઝડપી બન્યો છે પરંતુ પાટનગરમાં સમાવેશ પછી પણ કેટલીક સમસ્યાઓ ઉભી છે જેને ઝડપથી ઉકેલાય તેવી રાંધેજાના રહીશો અપેક્ષા રાખી રહ્યાં છે.




મરચાં-મસાલાથી માટલાં સુધીની ચીજવસ્તુઓ માટે જાણીતા રાંધેજા ગામની સમસ્યાઓ અંગે વાત કરતાં યુવા અગ્રણી અમિતભાઈ ઠાકોરના જણાવ્યાં અનુસાર "રાંધેજા ગામમાં પીવાના પાણી અંગે ઘણીવાર મુશ્કેલી સર્જાય છે જેનું મુખ્ય કારણ ગામમાં જે પાણીના ત્રણ બોરવેલ છે તે તમામ ખુબ જુના છે અને ક્યારેક તે પાણીના સ્તર નીચે હોય ત્યારે તેને ખેંચવામાં તકલીફ અનુભવે છે. થોડા સમય પહેલાં એકવાર તો સળંગ ત્રણ દિવસ સુધી પાણી બંધ રહ્યું હતું અને ગ્રામજનોને પાણીની ટેક્રરો મંગાવીને કામ ચલાવવું પડ્યું હતું. હવે ઉનાળો આવી પહોંચ્યો છે ત્યારે ગામમાં નવા બોરવેલની તાતી જરૂરિયાત જણાય છે. રાંધેજા ગામમાં કચરો ઉઘરાવવા આવતી વેસ્ટ કલેકશન ટીમની અનિયમિતતા પણ વારંવાર પરેશાન કરે છે. પ્રાપ્ત માહિતી અનુસાર વેસ્ટ કલેક્શન માટે ક-૭ સર્કલથી સમગ્ર રાંધેજા વિસ્તારને આવરી લેતી માત્ર બે જ ગાડી છે જે વૈકલ્પિક દિવસે ગામમાં આવે તેવું નિયત કરાયું છે પરંતુ ઘણીવાર તો ગ્રામજનોના ઘરની ડસ્ટબીનો છલકાઈ જાય ત્યાં સુધી આવતી નથી જેના કારણે કંટાળીને કેટલાંક ગ્રામજનો ગામના ખુલ્લાં વિસ્તારોમાં કચરો ઠાલવી આવે છે જેથી કચરના ઢગ ખડકાય છે. સ્વચ્છતા બાબતે અન્ય એક મુશ્કેલી એવી છે જેમાં ગામની ભાગોળે બસ સ્ટેન્ડ પાસે પુરુષો માટેનું જુનું એક જાહેર શૌચાલય છે જેની હાલત બદતર હોય છે અને મહિલાઓ માટે તો કોઈ જાહેર શૌચાલયની વ્યવસ્થા નથી તેથી ઘણીવાર મહિલા મુસાફરોને આકસ્મિક સ્થિતિમાં મુશ્કેલીમાં મુકાવું પડે છે. સત્વરે બસસ્ટેન્ડ વિસ્તારમાં એક આધુનિક સ્વચ્છ જાહેર પે એન્ડ યુઝ શૌચાલય બનાવાય તે અત્યંત જરૂરી જણાય છે. ગામની સરકારી પ્રાથમિક શાળામાં બાળકો માટે આગામી ઉનાળાને ધ્યાનમાં રાખીને ઠંડા પાણીના કુલરની વ્યવસ્થા કરાય તે પણ જરૂરી છે."

રાંધેજાના અન્ય એક અગ્રણી અને જાગૃત નાગરિક ભીખાજી ઠાકોર ઉર્ફે બકાજીના જણાવ્યાં અનુસાર "રાંધેજામાં અનેક રોડરસ્તાં ખૂબ સાંકડા છે જેને પહોળા કરવા જરૂરી છે, ગામના ઠાકોરવાસ પાસેના મહાકાળી માતાના મંદિરથી હુંડીવાસ તરફના મુખ્ય માર્ગનું નવીનીકરણ કરવાનું હતું પરંતુ પ્રસ્તાવિત પ્લાન સ્થાનિક નાગરિકો માટે અનુકૂળ આવે તેમ નહોતો કેમકે તેમાં માર્ગને બિનજરૂરી રીતે વળાંકવાળો બનાવવાનું આયોજન કરાયું હતું જે અકસ્માતનું કાયમી જોખમ ઊભું કરે તેમ હતું તેમજ આ વિસ્તારમાં ચોમાસામાં ભરાતા વરસાદી પાણીના નિકાલનો રસ્તો અવરોધાય નહીં તે માટે ગરનાળુ બનાવવું જરૂરી હતું જેનું પણ આયોજન કરાયું નહોતું જેના કારણે સ્થાનિક નાગરિકો દ્વારા વિરોધ કરવામાં આવતા આ કામના આયોજનમાં સુધારો કરવાને બદલે કામને પડતું મૂકી રાખવામાં આવ્યું છે જેના કારણે ગ્રામજનોને ખાસ કરીને ચોમાસામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત રાંધેજા ગામમાં જાહેર બાગ-બગીચા, કોમ્યુનિટી હોલ અને સીનીયર સીટીઝન હોલ જેવી સગવડોનો પણ અભાવ છે જેને ઝડપથી વિકસાવી જોઈએ."







"રાંધેજા ગામમાં આરોગ્ય કેન્દ્ર દુર હોવા સાથે તેમાં દવાઓ વગેરેની વારંવાર સર્જાતી અછતને કારણે ગ્રામજનોને ખાસ કરીને જરૂરિયાતમંદોને આકસ્મિક સમયે ખૂબ તકલીફ પડે છે અને વારંવાર આરોગ્ય વિષયક સેવાઓ માટે છેક સેક્ટર-૨૪ના આરોગ્ય કેન્દ્રને આધારિત રહેવું પડે છે" તેવું જણાવતા ગામના અન્ય એક અગ્રણી અરવિંદભાઈ પરમાર જણાવે છે કે રાંધેજામાં ખાસ કરીને કૃષ્ણનગર અને પરમારવાસ જેવા વિસ્તારોમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા સતાવે છે. વળી, વળી આ વિસ્તારમાંથી પસાર થતો રાંધેજા કલોલ માર્ગ પણ બિસ્માર હોવાથી જેનું નવીનીકરણ કરાય તે જરૂરી છે ગામમાં અનેક આંતરિક માર્ગો તુટેલાં છે અથવા તો પાકાં આરસીસી માર્ગ બનાવ્યાં જ નથી જેના કારણે ચોમાસા દરમિયાન ગ્રામજનોને ઘણી તકલીફ પડે છે. ગાંધીનગર માણસા મુખ્ય માર્ગે પર પણ ખૂબ જ ભારે ટ્રાફિક રહેતો હોવાથી અહીં અકસ્માતનું ભારે જોખમ રહે છે જેને કારણે આ માર્ગને ફોરલેન રોડ કરવા માટેની ઘણાં સમયથી માંગ છે પરંતુ તે હજુ સુધી સંતોષાઈ નથી. આ રોડ પર બાલવા તરફના રેલવે ફાટક જ્યાં હવે રેલવે તો પસાર થતી નથી પરંતુ સાંકડા ફાટકના કારણે ટ્રાફિક જામ સર્જાતો હોય છે અને હોટલ ઘૂંઘટ પાસેના રેલવે ફાટકે વારંવાર લાંબા સમય સુધી ફાટક બંધ રહેવાની કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે જે પીક અવર્સ દરમિયાન ઘણી મુશ્કેલી સર્જે છે ત્યાં ઓવરબ્રિજની જરૂર છે."

રાંધેજાના એડવોકેટ ભાવેશ દેસાઈ જણાવે છે કે "રાંધેજા ગામમાં જૂની ગટર લાઈન હોવાને કારણે અનેકવાર ગટરો ઉભરાવવાની સમસ્યા સર્જાય છે. ગામમાં જાહેર સાફ સફાઈ બાબતે બેદરકારી જોવા મળે છે ખાસ કરીને તળાવ કાંઠાના વિસ્તારમાં યોગ્ય સાફ સફાઈના અભાવને કારણે કચરાના ઢગ ખડકાય છે જે ગ્રામજનોના આરોગ્ય માટે જોખમરૂપ બને છે."

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com